

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ગાઈડલાઈનના ચોકમાં ગરબે શું રમશે ?*
*થશે પૂજા આચારસંહિતાની, મા ગરબે શું રમશે?*
*બંધનના ઘૂઘરા બાંધીને મા ગરબે શું રમશે?*
*ખેલશે ખેલ ચૂંટણીના ખેલૈયા, મા ગરબે શું રમશે ?*

હાઈકુ

*આવ્યા દિવસ*
*ચૂંડ-મૂંડની ચોકીમાં*
*રમાશે રાસ!*

*સત્તા દીવડે*
*ઉતારશે નેતાઓ*
*મહાઆરતી*

### ચિંતન

**જ્યોતિષામેષિ તજ્જ્યોતિ સ્તમસઃ પરમુચ્યતે ॥**

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ઉપનિષદમાં એ પરમપ્રકાશમય પરમાત્માના ચાર પાદનું વર્ણન આવે છે. એ વર્ણન પ્રમાણે સમસ્ત ભૂતસૃષ્ટિને એમના એક પાદ તરીકે બતાવીને બીજા ત્રણ અને પરમધામમાં રહેલા કહી બતાવ્યા છે. વેદના પુરુષ સૂક્તમાં પણ એવી જરીતે પરમપુરુષ પરમાત્માના ચાર પાદનું વર્ણન છે. એટલે જે જ્યોતિ છે તે પરમજ્યોતિ પરમાત્મા જ છે, ત્યાં સામાન્ય લૌકિક જ્યોતિમાં એવી લોકોત્તર શક્તિની કલ્પના પણ ના કરી શકાય.

ભારત સિવાય કેટલાય દેશોમાં જ્યોતિની પૂજા થાય છે, તે પરબ્રહ્મ પરમાત્માના પ્રતિક તરીકે થાય છે. મંદિરોમાં, ધર્મસ્થાનોમાં જ્યોતિ અથવા અખંડ જ્યોતિ જગાડવામાં આવે છે. એ એવું સૂચવે છે કે એ પરમાત્માની સ્મૃતિ કરાવે છે અને પરમાત્માને પામવાની ને એને માટે પુરુષાર્થની પ્રેરણા પૂરી પાડે છે. અવિદ્યારુપી અંધકારનો અંત આણીને એવા જ પવિત્ર પ્રજ્ઞાના પ્રકાશમાં પ્રવેશવાનો સંકેત આપે છે.

જીવન જ્યોતિમય બનવું જોઈએ, બીજાને માટે પ્રકાશદાયક બનવું જોઈએ. એમાં સત્ય, દયા, ક્ષમા, પ્રેમ, અભય, સેવાોભાવ, શુધ્ધિ જેવા સદ્ગુણોની, સદ્વિચારોની, સદ્ભાવોની, સત્કર્મોની સુંદરઅખંડ જ્યોતિ જાગી જવી જોઈએ.

### સુવિચાર

- બાંધી મુટ્ઠી લાખની... અને બાંધી જીભ વીસ લાખની - **જીવન પાથેય**
- તમારા પાડોશીના મોઢા પર તમે બટન સીવી શકતા નથી - **રશિયન કહેવત**
- પોપટને નવી ભાષા શીખવો તો શું પરક પડે છે ? પોપટ તો પોપટ જ રહેવાનો છે - **ઓરવેલ**
- તમારી પર્સનાલિટી કેવી છે એ નહીં, તમારી મેન્ટાલિટી કેવી છે એ મહત્ત્વનું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સંબંધમાં જયાં બુદ્ધિનું શાસન ચાલે છે ત્યાં સંબંધ હારે છે,
  અને જ્યાં હૃદયનું શાસન ચાલે છે, ત્યાં સંબંધ જીતે છે - **બોધિવૃક્ષ**
- સૂર્યનું ડૂબવું અણી પર છે, ચંદ્રએ રાખી રજા એ ટણી પર છે, ચાલ ફાનસ સજાવ ઘરની ભીતર કેમ ઝળહળવું એ આપણી પર છે - **જન્મભૂમિ**
- આજનું ઔષધ : પીપળાના ૩-૪ કુમળા પાન ચાવી ચાવીને ખાવીને રસ ઉતારી કુચો થૂંકી નાખવાથી માથાનો દુઃખાવો મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક સજ્જન ગૃહસ્થ અને ધર્મજ્ઞાની હતો. ઘણા વર્ષો બાદ તેમના ઘરે પુત્રરત્નનો જન્મ થયો. એ પુત્રની તબિયત સારી ન રહેતી. ઘણા વૈદ્યરાજ બદલ્યા પણ સફળથા મળી નહીં. સૌને રડતા મૂકીએ પુત્ર ધામાં ગયો. માતાએ ખૂબ દુઃખી થઈ રડારોડ કરી પણ પેલા સજ્જન જ્ઞાની પિતા તદ્દનશાંત હતા. સૌને સમજાવીને શાંત કર્યા, પત્નીને પણ સમજાવવા લાગ્ય પણ માતાનું રડવાનું અટકતું ન હતું. બીજે દિવસે જાણે કંઈ બન્યું જ નથી તેવી રીતે સજ્જન દુકાને ગયા. સાંજે ઘેર આવ્યા. પત્ની બોલી ઊઠી. 'તમારું હૃદય તો પાષાણનું લાગે છે. એક આંસુ પણ પડતું નથી.' પતિએ કહ્યું, 'તમને ખ્યાલ છે કે હું શા માટે રડતો નથી ? જુઓ સાંભળો ગઈકાલે રાત્રે જ મને એક સપનું આવ્યું હતું. મેં જોયું કે હું રાજા બન્યો. ખુબ સુખી હતો, ધન દોલતની કોઈ કમી ન હતી. એક સુંદર રાણી હતી અને એમને બે સુંદર મજાના રાજકુંવરો, સુખ સાહ્યબીનો પાર ન હતો ત્યાં હું જાગી ગયો.' પતિએ આગળ કહ્યું, 'જાગતા વિચાર આવ્યો કે સપનાનું સુખ ગયું, ધન ગયું અને પેલા ચાર મજાના કુંવરો ગયા, એનો શોક કરવો કે આ એક પુત્ર ખોયો એને શોક કરું?'' પત્નીએ કહ્યું, 'એ સ્વપ્ન તો મિથ્યા હતું.' પતિએ કહ્યું, 'તેજ રીતે આ સંસાર પણ મિથ્યા જ છે ને?' પેલું ટૂંકા સમનયું સપનું હતું. આ જરા લાંબા સમયનું સ્વપ્નું હતું. ફેર શો છે? 'જ્ઞાનિ પતિની વાત સાંભળી પત્નીમો મોહ દૂર થયો.'

# સમજી વિચારીને કરેલો રાજકીય પ્રયોગ

**તંત્રીસ્થાનેથી...**

દેશ અને દુનિયામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એમના વિશ્વાસુ સાથી અમિત શાહે ગુજરાતમં કરેલા વિશિષ્ટ રાજકીય પ્રયોગની ચર્ચા છે. કોરોનાકાળમાં ચકડોળે ચડેલું 'દિવંગત' મંત્રીમંડળ એની તમામ મર્યાદાઓ સહિત ભૂતકાળ બની ગયું છે. શાસ્ત્ર પણ કહે છે : ગતં ન શોચન્તિ પંડિતાઃ । જે ગયું તે ગયું. એના વિશે પિષ્યપેષણ કર્યાનો શો અર્થ ? જે નજર સામે છે એનો મહિમા કયો. જો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો શાસનકાળ ગુજરાત કે દેશથી ભૂલ્યો ભૂલાય એમ નથી. પરંતુ વિજય રૂપાણી થોડા મોદીના પેંગડામાં પગ ઘાલી શકે એમ હતા ? ગુજરાતના મંત્રીમંડળનું સામૂહિક ઉઠમણું એ કોઈ વગર વિચાર્યું પગલું તો ન જ હોય. વિવિધ સ્ત્રોતોમાંથી મળતી માહિતી આત્મસાત્ કર્યા પછી આ મોટી 'મેજર સર્જરી' કરવાની દિલ્હીવાળા ડૉકટરોને ફરજ પડી હશે. બળવો થઈ શકે પણ નરેન્દ્ર મોદી સામે નહીં; કેશુભાઈ પટેલ વિરુદ્ધ જરૂર થઈ શકે. કોંગ્રેસમાં તો બળવો એ નવાઈની બાબત છે જ નહીં. ઈંદિરા ગાંધી જેવાં સક્ષમ નેતાના સમયમાં પણ રાજયોમાં બળવાખોર જૂથો ચાલ્યા જ કરતાં. જૂથવાદે જ કોંગ્રેસનો ઘડોલાડવો કરી દીધો છે એ પણ કબૂલવું પડે. ભાજપ જાણે છે કે મોદીના ખભે ચડીને સત્તાની ખુરશી સુધી પહોંચી શકે, બાકી એનું ગજું નહીં. અડવાણીનો સૂરજ સોળે કળાએ તપતો હતો છતાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે એમને બાજુએ હડસેલી મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે ઊંચક્યા હતા. ગુજરાતમાં એ બરનો બીજો નેતા તો પાકે ત્યારે પાકે. પરંતુ ગૂંચવાઈ ગયેલી રાજય સરકાર હવે આગામી ચૂંટણીમાં ઝાઝું નહીં ઉકાળી શકે એવી પ્રતીતિ થયા પછી મોદી અને શાહે ગણતરીપૂર્વકનું જોખમ ખેડીને તદ્દન ફ્રેશ મંત્રીમંડળ રજૂ કર્યું છે. હવે ગુજરાતની પ્રજા એને કેટલા અંશે સ્વીકારે છે એ તો સમય જ કહેશે. મુખ્યમંત્રી તદ્દન નવા નિશાળિયા છે એટલે એમને સતત દિલ્હીનું અને નિવૃત્ત મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રીનું માર્ગદર્શન જોઈશે. જો કે એવા સિનિયર અનુભવી કાર્યદક્ષ અધિકારીઓ પણ ગુજરાતમાં છે જ, જે 'સાહેબ'ને વહીવટી નિર્ણયો કરવામાં મદદરુપ થશે જ. બધા જ મંત્રીઓ નવા નિશાળિયા નથી. 'નંબર ટુ' તરીકે નિમાયેલા રાજેન્દ્ર ત્રિવેદી સક્ષમ મંત્રી તરીકે અને સ્પીકર તરીકે કામગીરી બજાવી ચૂકયા છે. એ હકીકતમાં મુખ્યમંત્રીશ્રી માટે મોટી અસ્કામત બની રહેશે. ભૂપેન્દ્રભાઈને 'પટેલ પાવર' નો લાભ પણ મળતો રહેશે. કેન્દ્રીય પાટીદાર મંત્રીઓ ઉપરાંત પાટીદાર સમાજના સામાજિક અગ્રણીઓ એમને દોરવણી આપશે. વળી એ આધ્યાત્મિક પ્રકૃતિના હોઈ દાદા ભગવાન પણ એમને 'ફાઈલો'નો નિકાસ કરવામાં મદદરુપ થવાના છે. દાદા ભગવાનના 'અક્રમ વિજ્ઞાન' માં 'ફાઈલ' નો જરા જુદો અર્થ થાય છે. ભૂપેન્દ્રભાઈને અક્રમ વિજ્ઞાનના સિદ્ધાંત પ્રમાણે સીધી જ એક નંબરની પોસ્ટ મળી ગઈ છે. પરંતુ એમને એ સર્વોચ્ચ પદે નીમ્યા પછી સિનિયરોને એમની નીચે મૂકવા એ તો અવિવેક ટાળી આખેઆખી નવી ટીમ આપી છે. અલબત્ત, એમાં રાઘવજી પટેલ અને કિરીટસિંહ રાણા જેવા જૂના અનુભવી પૂર્વ મંત્રીઓ પણ છે કારણ કે એમના વિસ્તારો સાચવી લેવા માટે એમની જરૂર હતી. પૂર્વ પ્રદેશ પ્રમુખ જીતી વાઘાણી પણ સંગઠનના અનુભવી હોઈ પૂર્વ મંત્રીની કક્ષાના જ ગણાય. પટેલોની જાહેર માગણી 'પટેલ મુખ્યમંત્રી'ની હતી તે સંતોષાઈ છે તો વળી જામી પડેલા કોળી આગેવાનોની જગ્યાએ નવા કોળી નેતાઓને તક મળી છે. મહિલાઓનું પ્રતિનિધિત્વ જળવાયું છે. શહેરોનો દબદબો રહ્યો છે. આદિવાસી-દલિત-ઓબીસીને ફરિયાદ કરવાપણું રહે એવું નથી રહ્યું. ફક્ત જૂનાઓને બદલીને નવાઓને ગોઠવી દીધા છે એટલું જ. વિદ્રોહના સૂરો રાતોરાત ઠંડા પડી ગયા તે મોદી-શાહના પ્રચંડ પ્રભાવની પ્રતીતિ કરાવે છે. આશા રાખીએ કે ઉપરછલ્લી નજરે જોખમી પ્રયોગ લાગતા આ મંત્રીમંડળના નવા મંત્રીઓને એમની નવતર ઊર્જા સાથે મોદી-શાહનું સપનું સાકાર કરે એન ગુજરાતને યુવા નેતૃત્વ આપનાર રાજય તરીકે ઊજળી પરંપરાનું અગ્રદૂત બનવાની તક સાંપડે.

# વરસાદ પડવાથી કયા રોગ થાય?

**વરસાદવાળા વાતાવરણમાં લોકો વધારે બીમાર કેમ પડે છે ? ● માખીઓ મચ્છર અને વાયરસથી કયાં કયાં રોગ થઈ શકે ?**



તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર

આજે ગાંડાલાલ ખૂબ જ મૂડમાં હતા. ગાંડાલાલને ભાજપ અને ખાસ કરીને નરેન્દ્ર મોદીમાં ખૂબ જ પ્રેમ છે. ગાંડાલાલ માને છે કે 'મોદી હૈ તો મૂમકીન હૈ' ગાંડાલાલે બોલવાનું શરૂ કર્યું. અલ્યા, વિપુલ, આ મોદી સાહેબ જ કરી શકે. સારી ચાલતી સરકારના સીએમ અને આખી ટીમ બદલી નાખવાનું મોદી સાહેબ જ કરી શકે. ૨૪ કલાકમાં સીએમ અને બધા જ મંત્રીઓની ફેરબદરી કરવી એ મોદી સાહેબ અને ભાજપ જ કરી શકે. ડાહ્યાલાલે કહ્યું, હા, ગાંડાલાલ તમારી વાત સાચી આવતા વર્ષે ચૂંટણી આવે છે અને ચૂંટણીમાં કોરોનાને લીધે ચારેબાજુ સરકાર પ્રત્યે કારણ વગરનો રોષ છે. ગાંડાલાલ આખી દુનિયા ઉપર કોરોનાએ પોતાનું વર્ચસ્વ જમાવ્યું છે. ચીન અને અમેરિકા સિવાયના અન્ય દેશોમાં કોરોનાની ત્રીજી લહેર ચાલુ થઈ ગઈ છે. આ બધા દેશ આપણા કરતા વધારે ટેકનોલોજી વાળા છે. છતાં પણ કોરોનાને નાબુદ કરી શક્યા નથી. નિલેશથી રહેવાનું નહીં. સરકારના આંકડા અને ખરેખર આંકડામાં ખરેખર તફાવત છે ? સરકારમાં કોરોનાથી મૃત્યુ પામેલાનો આંકડો અને સોશિયલ મીડિયાના આંકડામાં જમીન આસમાનનો ફરક છે. નિલેશએ કહ્યું હું તો એવું માનું છું કે સરકારે બહુ જ કાચું કાપ્યું. લોકોને હોસ્પિટલમાં એડમિશન નહોતા મળતા.. ઓક્સિજન નહોતો મળતો. તેને લીધો લોકોના મૃત્યુ થયા છે. એ તો લોકો કેમ ભૂલી શકે? ગાંડાલાલે પોતાન સ્વભાવ પ્રમાણે ચાલું કર્યું. જે પ્રમાણે ડૉકટરોએ લોકો પાસેથી પૈસા લઈને દવા કરવી જોઈએ એ ન કરી હોય એ પ્રમાણે પણ મૃત્યુનો આંક વધ્યો હોય ? ડાહ્યાલાલ વચ્ચે બોલી ઊઠ્યા, અરે ભાઈ ડૉકટરો તો વોરિયર કહેવાય એના માટે આવું ના બોલો, કોરોના રોગ જ એવો હતો કે કોઈ પણ દેશ કે કોઈ પણ સરકાર કઈ કરી શકી નથી. કોરોનાને લીધે તો અમેરિકાની આખી સરકાર જતી રહી. ટ્રમ્પ સાહેબે સારું કામ કર્યા પછી પણ ઘરે જવું પડ્યું હતું. હવે વાત રહી ગુજરાતની મોદી સાહેબે પ્રયોગશાળા માનીને ગુજરાતમાં માનવા પ્રયોગ કરે છે એમાં એમનાં મનમાં શું ચાલી રહ્યું છે એ તો એમને ખબર હશે.

આનાથી એટલું નક્કી છે. કામ કેટલું થશે એ તો સમયે જ ખબર પડશે લોકોનું ધ્યાન ચોક્કસ બદલાશે. વિપુલ બોલ્યો, યાર બીજી બધી વાતો ના કરો. વરસાદને લીધે કયા રોગો થાય એ ડાહ્યાલાલ કહો. વરસાદને લીધે માખી-મચ્છર ખુબ થાય. તેનાથી મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, ટાઈફોઈડ, કોલેરા અને કમળા જેવા રોગો થઈ શકે. જેમાં લોકો પોતાની રીતે જો પોતાની આજુબાજુના વાતાવરણને ચોખ્ખું રાખે તો કોઈ પણ જાતની તકલીફ પડે તો માખીઓથી ઝાડા-ઉલટી, કોલેરા અને કમળા જેવાં રોગો થઈ શકે. જયારે મચ્છરથી મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા રોગો થઈ શકે. આપણે આગળ ઘણી બધી વખત ચર્ચા કરી છે કે સારી લેબમાં ટેસ્ટ કરાવવાથી ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને મેલેરિયાનું નિદાન ચોક્કસ થઈ શકે છે અને ખાસ કરીને ગાંધીનગરમાં હવે મેલેરિયા, ચિકનગુનિયા અને ડેન્ગ્યુની (RT-PCR) ની મદદથી થઈ શકે છે. જેના રિપોર્ટ ૧૦૦% ચોકસાઈથી થઈ શકે છે. અને થાય છે. વિપુલથી રહેવાયું નહીં આ સરકાર નવી થવાથી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં શું અસર આવશે ? ગાંડાલાલે બાફવાનું ચાલુ કર્યું. જો સરકારને મોદી સાહેબનો પ્રયોગ ગમ્યો હશે તો ભાજપ જીતશે નહીં ગમ્યો હોય તો બીજી કોઈ પાર્ટી જીતશે. ડાહ્યાલાલે કહ્યું, એ આપણો વિષય નથી. સમયે બધી ખબર પડી જશે.

# નાનાભાઇ : શિક્ષણ ક્ષેત્રના મહર્ષિ



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

નાનાભાઈ ભટ્ટ શિક્ષકોને સંબોધન કરતા એક સુંદર વાત કહે છે :

'' એક વખત ભાવનગરમાં મોટી આગ લાગી. આગે ભયંકર રૂપ લીધું. સદાકાળ જાગૃત એવા સર પ્રભાશંકર પટ્ટણી ઘટના સ્થળે હાજર છે અને આગને નિયંત્રણમાં લેવાના કાર્યને દોરવણી આપે છે. આગ લાગી તેની નજીકમાંજ દરબારગઢ હતો. આગને નિયંત્રણમાં લાવવા દરબારગઢની ભીંત તોડવાની જરૂર ઊભી થઈ. તોડવાના પ્રયાસો કર્યા. ભીંત તુટતી ન હતી. રાજ્યની તોપમાંથી પૂરા બળ સાથે તોપગોળા ભીંતને તોડવા માટે છોડ્યા. આમ છતાં ભીંતે મચક ન આપી. પિંતાબર મિસ્ત્રી નામે એક ભાઈ પટ્ટણી સાહેબ પાસે ઊભા ઊભા આ બધી પ્રક્રિયા જોઈ રહ્યા હતા. એકાએક તેમણે પટ્ટણી સાહેબને સંબોધીને કહ્યું : સાહેબ, મારા બાપ પોચા મિસ્ત્રીએ આ ભીંત બાંધી છે. તોપગોળાથી એ ભીંતો ન પડે ! હ્લ્લ આ વાત કર્યા પછી નાનાભાઈ ઉમેરે છે કે 'મારા બાપે બાંધી છે તેથી તુટશે નહિહ્લ એમ કહેનાર આ મિસ્ત્રીની જેમ આપણે (શિક્ષકો) વિશ્વાસપૂર્વક કહી શકીએ કે 'મેં ભણાવ્યા છે તેથી તે (વિદ્યાર્થી) ખોટું નહિજ કરેહ્લ છોકરાઓને તો ધર્મ તરીકે ભણાવીએ અને એ શિક્ષણકાર્યનું આપણે ગુમાન અનુભવીએ. (અર્વાચીન અગત્સ્ય : સંપાદક : ભરત ભટ્ટ) ડૉ. સર્વપલ્લી રાધાક્રિષ્નનની સ્મૃતિમાં ઉજવાતો શિક્ષક દિવસ હમણાંજ ગયો. ડૉ. રાધાક્રિષ્નનની સાથેજ આપણામાંથી અનેકને ગુજરાતના શિક્ષણવીર નાનાભાઈ ભટ્ટની સ્મૃતિ થઈ હશે. નાનાભાઈના ઉલ્લેખ કે તેમના યોગદાનની હકીકતોને લક્ષમાં લીધા સિવાય શિક્ષણનો ઈતિહાસ પૂરો થતો નથી. શિક્ષકોમાં કેવો આત્મવિશ્વાસ પ્રગટવો જોઈએ તે માટે નાનાભાઈએ ટાંકેલું આ ઉદાહરણ સ્મૃતિમાંથી ખસે તેવું નથી. આજના સંદર્ભમાં આપણે ક્યાં ઊભા છીએ ! દાદા ધર્માધિકારીએ એક પ્રવચનમાં કહેલું કે તમામ પ્રશ્નોનો ઉકેલ શિક્ષણમાં શોધવાનો આપણો પ્રયાસ હતો. પરંતુ શિક્ષણ સ્વયં એક સમસ્યા બનીને ઊભું રહ્યું. વખતોવખત શિક્ષણ સુધારવાના પ્રયાસો થતા રહ્યા પરંતુ સમસ્યાનો ઉકેલ ન આવ્યો. શિક્ષણ સુધારવાના અનેક પ્રયોગો થયા તેનો ફાયદો જરૂર થયો. આમ છતાં એક આદર્શ તેમજ સર્વ વ્યાપક બની શકે તેવી કાર્યક્ષમ રાષ્ટ્રીય શિક્ષણની વ્યવસ્થા એ દૂર ને દૂર રહી. હાલમાં જેની ઘણી ચર્ચાઓ થાય છે તેવી નેશનલ એજ્યુકેશન પૉલીસીનો અમલ કરવાની બાબત પણ આ દિશામાંજ કરવામાં આવતો એક મહત્વનો પ્રયાસ છે.

શિક્ષક તથા વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ એ ગુરૂ-શિષ્ય જેવો રહ્યો છે કે કેમ તે એક મહત્વનો પ્રશ્ન છે. પોતાના વિદ્યાર્થી તરફ માત્ર શિષ્યનો દ્રષ્ટિકોણ નહિ પરંતુ તેનાથી પણ વિશેષ આદરનો તથા સ્નેહનો ભાવ નાનાભાઈ રાખતા. તેઓ કહેતા પણ ખરા કે મારા મતે તો દરેક વિદ્યાર્થી એ ભગવાનનું રૂપ છે. કારણકે ભગવાન દક્ષિણામૂર્તિ કયા વિદ્યાર્થીના સ્વરૂપમાં મારી પરીક્ષા લેશે તેની મને ખબર નથી. શિક્ષક તથા વિદ્યાર્થી વચ્ચેના આદર તથા સ્નેહના સંબંધો આજે ક્ષીણ થયા છે. નજીકના ભૂતકાળમાં અને મહદ અંશે આજે પણ વિદ્યાર્થી તથા શિક્ષક એકબીજાને મળી શકતા નથી. પ્રત્યક્ષ શિક્ષણ એ કોરોના કાળમાં જોખમી બન્યું છે. આ કારણો પણ શિક્ષકો – વિદ્યાર્થીઓ વચ્ચેની તીરાડ વધારવામાં કારણભૂત બન્યા હશે. અલબત્ત, સમયની માંગને કારણે એ અનિવાર્ય ગણી શકાય તેવું છે. વિદ્યાર્થીઓના 'સ્ક્રીન ટાઈમ' માં ઝડપી વધારો થતાં તેના પણ કેટલાક પ્રશ્નો ઊભા થયા છે. બાળકનો પૂર્ણ વિકાસ એ મોટો પ્રશ્નાર્થ છે. ટેકનોલોજીની મદદને કારણે શિક્ષણ કાર્ય જાળવી રાખી શકાયું તે નિઃશંક છે. એક રીતે આ પ્રમાણમાં નવી બાબતને અપનાવી લેવા માટેની સાનુકૂળતા કરવાનું કામ શિક્ષકો – વિદ્યાર્થીઓ તથા વાલીઓએ સાથે મળીને નિષ્ઠાથી કર્યું છે. આ બાબતની નોંધ લેવી જોઈએ.

શાળાઓનું એક સ્વરૂપ એ ઈંગ્લાંડની હેરો સ્કૂલ જેવું હતું. હેરોની સ્થાપના ૧૫૭૨માં થઈ હતી અને તેનું નામ આંતરરાષ્ટ્રીય કક્ષાએ અગ્રતાના સ્થાને છે. પંડિત જવાહરલાલ નહેરુ હેરો સ્કૂલના વિદ્યાર્થી હતા. જે લોકોને આર્થિક રીતે પરવડે તેવા મર્યાદિત કુટુંબો માટે આ સ્કૂલનો વિકલ્પ રહેતો હતો. આપણાં દેશમાં દૂન સ્કૂલ એ પણ આવુંજ એક ઉદાહરણ છે. દૂન કે હેરો જેવી સ્કૂલો મર્યાદિત હોય તથા તેનો લાભ લઈ શકે તેવા લોકો પણ આંગળીના વેઢે ગણી શકાય તેટલા હોય. નાનાભાઈ જેવી સર્વ સમાવેશક દ્રષ્ટિવાળા માનવીનેતો સૌને સુલભ બને તેવું શિક્ષણનું માળખું વિકસાવવામાંજ રસ હોય તે સ્વાભાવિક છે. ૧૯૧૦ આસપાસના સમયમાં નાનાભાઈ ભાવનગરની શામળદાસ કોલેજમાં અધ્યાપક હતા. અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓમાં તેમની એક અભ્યાસુ તેમજ નિષ્ઠાવાન અધ્યાપક તરીકેની છાપ હતી. સારો પદ, પગાર તેમજ પ્રતિષ્ઠા ધરાવતા આ કામથી નાનાભાઈ મનથી સંતુષ્ટ ન હતા. અંતે અનેક જરૂરિયાતમંદ લોકોના શિક્ષણના કામમાં લાગવા તેમણે સારી નોકરી છોડી ભાવનગર રાજ્યના દીવાન સર પટ્ટણીની મદદથી એક જર્જરીત ધર્મશાળાના મકાનમાં દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનનો પ્રારંભ કર્યો. છાત્રાલય સાથે વિદ્યાલય પણ શરૂ કરીને ક્રમશઃ સંસ્થાનો વિકાસ કરતા ગયા. રાજ્ય તરફથી શાળા તથા છાત્રાલયના મકાનો બાંધવા માટે જમીન મળી. દાતાઓના સહયોગથી ૧૯૧૦થી એક દાયકામાં દક્ષિણામૂર્તિનો સારો એવો વિકાસ થયો. નાનાભાઈ સાથે હરભાઈ ત્રિવેદી, ગિજુભાઈ બધેકા તથા તારાબહેન મોડક જેવા સાથીઓ જોડાયા. ત્રણ દાયકાના ગાળામાં સંસ્થા એક વટવૃક્ષ સમાન બની રહી. માત્ર સિધ્ધાંતોની વાત કે વિવાદ કર્યા સિવાય નાનાભાઈએ કેળવણીનો એક નવો વિકલ્પ ઊભો કર્યો હતો. મહાત્મા ગાંધી પણ આ સંસ્થાની મુલાકાત લઈને નાનાભાઈના કાર્યથી પ્રસન્ન થયા. કવિ ઉમાશંકર જોશી કહે છે તેમ નાનાભાઈને તમે સહરાના રણમાં મૂકોતો પણ થોડા સમયમાં જોશો કે તેમની આસપાસ સંસ્થા જામી ગઈ હશે.

શિક્ષણના ક્ષેત્રમાં આપણે નાનાભાઈ કે ડોલરરાય માંકડ જેવી દ્રષ્ટિ રાખીને શિક્ષણના મૂળ ઊંડા તથા મજબૂત કરવા પડશે. તેમના વિચારોના સત્યને સમજીને જે હાલમાં પણ પ્રાસંગિક હોય તેને નિષ્ઠાથી અનુસરવામાં કશું ગુમાવવાનું રહેતું નથી. નાનાભાઈ તો ૧૯૬૧માં ગયા પરંતુ શિક્ષણ પરત્વેના તેમના વિચારો તથા પ્રતિબધ્ધતા આજે પણ માર્ગદર્શક બને તેવા છે.

# પૈસાથી મળતી ચીજો કિંમતી હોઈ શકે, પરંતુ મૂલ્યવાન ચીજો મહેનતથી જ મળતી હોય છે !



સંવેદનનું સ્ટેટસ

રમેશ ઠક્કર

એક હરિયાળી નર્સરીમાં એક બાપદિકરો ફુલઝાડની પસંદગી કરી રહયા છે..દિકરો જુવાન છે..થનગનતો છે.એને બધું 'ઈન્સ્ટન્ટ' જોઈએ છે..જે કૂંડાઓ તૈયાર છે,જે છોડવાઓ ઘટાદાર બની લ્હેરાઈ રહયા છે એ જ એને લઈ જવા છે. અને સીધા જ પોતાના બગીચામાં રોપી દેવા છે..રેડીમેડ બગીચો બની શકે છે.આવું આજકાલ થઈ શકે છે... એમાં થોડોક ખર્ચ વધારે થાય પણ બધું તૈયાર મળી જાય... અનુભવી પિતાને એમાં પણ વાંધો નથી પરંતું એ દિકરાને જીવનમંત્ર શીખવવા માગે છે..એ ધીમેથી એના કાનમાં કહે છે... 'ફુલઝાડને ઉગાડવાનો આનંદ હોય છે..! ઉગી ગયેલા છોડને લઈ જવામાં એ મજા નથી !'

આપણે સહુ જાણેઅજાણે પેલા નવયુવાન જેવું જ કરતા રહીએ છીએ..તૈયાર ભાણું મળતું હોય તો રસોડાની ઝંઝટમાં કોણ પડે ?' તાવડી તેર વાનાં માગે એવી કહેવત પણ છે..ભલે ગમે તેટલી કડાકૂટ કરવી પડે પણ એક વાત નક્કી છે કે જે સ્વાદ જાતે બનાવેલી રસોઈમાં આવે છે એવો ટેસ્ટ તૈયાર ફૂડપેકેટ ફંફોસવાથી મળી શકતો નથી..એ જ રીતે મજા વાવણીમાં રહેલી હોય છે..કોઈકે સજાવેલા છોડને સીધેસીધા બગીચામાં રોપી દેવામાં કોઈ રોમાંચ હોતો નથી..!

સાહિત્ય,રાજકારણ, ખેલકૂદ કે કલાના ક્ષેત્રમાં કોઈકની કદર થાય કે કોઈ પુરસ્કારથી એને નવાજવામાં આવે ત્યારે એ વ્યકિત માટે આપોઆપ ચારેતરફ હરખ ઉભરાઈ જતો જોવા મળે છે..અખબારો કે ટી.વી.માં કે સોશિયલ મિડિયામાં એનાં ગુણગાન અને ગ્લેમરસ તસવીરો રોમાંચ જગાવે છે..પણ આપણને એ ભાગ્યે જ ખબર હોય છે કે બહારથી લણણીની લાગતી આ મોસમની પાછળ દિવસો અને વરસોની વાવણી રહેલી હોય છે..! એક સફળ ગાયક માટે દૈનિક ધોરણે કડક શિસ્તની રીતે થતા રિયાઝ અને આલાપનું સાતત્ય જવાબદાર હોય છે..જીવનમાં કશું જ સીધું સટ હોતું નથી..અવનવા વળાંકો અને એકધારી કસોટીઓ છે એટલે જ જીવનની મજા છે..તમે જો સાધનસંપન્ન છો તો સરળતાથી બધું મેળવી શકો..પૈસાથી મળતી ચીજો કિંમતી હોઈ શકે પરંતું સખત મહેનત પછી મળતી ચીજો જ હંમેશાં મૂલ્યવાન હોય છે.!

કોઈકે એવું કહયું છે કે જીવનનો કોઈ ચોક્કસ અર્થ હોતો નથી..તમે ધારો તો એને અર્થ આપી શકો..! આપણી પહેલાં આ જગતમાં અનેક લોકો જીવી ગયા છે.એ સહુની જિંદગીની રેડીમેડ જીવનકથાઓ,એમના અનુભવો, અને સત્યો આપણી સમક્ષ પડેલાં છે..પરંતું એમાંથી કોઈ એક બેઠું 'મોડલ' પસંદ કરી આપણે એ મુજબ જીવનને ઘાટ આપી શકતા નથી..દરેક જિંદગીની આગવી મજા હોય છે..એની પોતાની સફર હોય છે..સુખ એટલે પ્રવાસ..કોઈકે ઉગાડેલા ખેતર કે બગીચાને જોઈ આપણે આનંદ અનુભવી શકીએ પણ એને ઉગાડનાર વ્યકિત જેવી સાર્થકતા ના અનુભવી શકીએ..છોડને માટે માટીને તૈયાર કરવી,પાણી પાવું,એની માવજત કરવી, એને ઢોરઢાંખરથી બચાવવું, આ બધું કરતાં જે આનંદ અને અનુભવ મળે છે એ નાણાં ખરચી નાખવાથી મળી શકતો નથી.

દરેક વ્યક્તિ સરળ રસ્તો શોધતી હોય છે..આજના જમાનામાં તો બધું જ તૈયાર અને ત્વરિત મળી જાય છે... સામાન્ય રીતે આપણી આરામદાયક જિંદગીમાં આ રીતે મળતી સગવડો કે ઉપલબ્ધિઓ આપણને થોડો સમય સારી લાગતી હોય છે..પરંતું લાંબાગાળે આપણે આ રીતે મેળવેલા સુખ કે આનંદની સાર્થકતા અનુભવી શકતા નથી કેમકે એમાં આપણો કોઈ અનુભવ હોતો નથી..આપણે કશુંક પ્રદાન કર્યાનો પરિતોષ એમાં હોતો નથી..જે ચીજ આપણે સખત પુરૂષાર્થ પછી મેળવી હોય એ જ આપણે અંતરને અજવાળતી હોય છે..જીવન એ કોઈ શોર્ટકટ નથી..એનો પટ પ્રલંબ હોય છે..એને ધીરજથી અનુભવવાનો હોય છે...જીવન એ માત્ર વિજ્ઞાન કે ટેકનોલોજી કે બુધ્ધિ નથી...જીવન એટલે જીવવાની આગવી કળા.

જીવન જીવવાની કળા એટલે શું?કોઈક હસમુખી વ્યકિતને મળીએ ત્યારે આપણે કહીએ છીએ 'તમે સરસ જીવો છો...' એવું કહેવાય છે કે સુખી થવાની કોઈ ચાવી નથી...કેમકે સુખના દરવાજા ઉપર જે તાળું દેખાય છે એ આભાસી હોય છે! પરંતુ તમે જો સુખના દ્વારે સહજ ટકોરા કરો તો એ હંમેશા ખુલ્લા જ હોય છે..આ માટે કદાચ આપણી ધીરજ હોતી નથી..એટલે જ આપણે સહેલા રસ્તા શોધીએ છીએ.

આપણે રોજેરોજ નવી દોડમાં તાત્કાલિક નવું નવું મેળવવાની તલાશમાં હોઈએ છીએ..અને દુઃખી થતા રહીએ છીએ.ખુશહાલ રહેવા માટે દરેક પળને વ્હાલ કરવું જરૂરી છે... મહેનત કર્યા પછી જે મળ્યું છે એ જ ઉત્તમ..ઝડપથી મળે એ એટલી જ ત્વરાથી જતું પણ રહે..મનગમતું મળે તો ઉત્તમ પણ જેની અભિપ્સા કરી હોય એ મળી જ જાય એવું માનવું નિરર્થક..મજા પ્રયત્નમાં હોય છે પ્રાપ્તિમાં નહીં.

કોઈકે સરસ કહયું છે કે 'સુખ એટલે આપણી પાસે જે ફૂલો છે એમાંથી ગજરો બનાવવાની કળા..' શરત એ છે કે તમારી પાસે જે ફુલો છે એને જ સજાવવાનાં છે..આપણી ઉપલબ્ધિને જ આખરી માનવાની હોય છે.પોતે જ પોતાના સંતોષની સીમા નકકી કરવાની છે..સાચી લગન આપણને લક્ષ્ય તરફ લઈ જતી હોય છે.

લઘુતા એ પ્રસન્નતા સામેની મોટી અડચણ છે... આપણી પાસે નથી, નથીની યાદી જેટલી લાંબી...સુખ કદાચ એટલું જ દુર રહેતું હોય છે..સરળતા એ સુખનો પાસવર્ડ છે.પણ આપણે અઘરા પાસવર્ડ પસંદ કરીએ છીએ... આપણે કોઈપણ કાર્યનું અંતિમ ફળ જોઈએ છીએ... પરંતું એ સાચો અભિગમ નથી... કોઈકે કેટલું સરસ કહયું છે..

''જિંદગીને જીવવાની ફિલસુફી સમજી લીધી...
જે મળી ખુશી જીવનમાં આખરી સમજી લીધી.''

આપણી મનઃસ્થિતી એ આપણી જીવનશૈલીનું વૉલપેપર છે...સ્વચ્છ મનોભાવો અને સરળ જીવન વ્યવહાર કદાચ આપણને વધારે પરિપુષ્ટ બનાવે છે. મોટાભાગે આપણે જિંદગીને કોયડો માની ઊકેલવાનો પ્રયત્ન કરતા રહીએ છીએ..હકિકતમાં એ હયાતી છે જેને જરૂર છે મકકમ હલેસાંની...

Life is journey not a destination..એવું કહેવાયું છે... લક્ષ્યાંકો યોજનાના હોઈ શકે જીવનના નહી..જીવન જેમ ખુલે છે એમજ એને માણવાનું અને શણગારવાનું...ખુશીના ખેતરે..લાગણીઓની વાવણી અને સંતોષનું સિંચન અને સતત પરિશ્રમ... એ પછી મળેલો સંતોષ જ આપણને અકિંચન થતા બચાવે છે...!